"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

**રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૨૦** **તા.૦૧-૧૦-૨૦૨૦**

**ખાસ જરૂરી**

**પ્રતિશ્રી,**
**માન.શ્રી રાજકુમાર પાંડિયન સાહેબ**
**પોલીસ મહાનિરીક્ષક, સુરત રેન્જ**
**સુરત.**

**વિષય :- ફાસ્ટલેનમાંથી પકડાતા કોમર્શીયલ વાહનો અને તે અર્થે IPC 279 હેઠળ થતાં કેસો બાબતે**

**માનનીય શ્રી,**

**આથી સવિનય જણાવવાનું કે ઉપરોક્ત બાબતે અમો આપને અમારા વાપી, વલસાડના પદાધિકારીઓ સાથે તા.૨૮-૦૯-૨૦૨૦ને સોમવારના રોજ આપની ઓફિસમાં આપેલ સમય પ્રમાણે મળેલ અને ઉપરોક્ત બાબતે વિસ્તૃત ચર્ચા કરેલ અને અમારી રજુઆતોને સાંભળવા બદલ અમો આપના ખુબ જ આભારી છીએ.**

**આપે મે-૨૦૧૯માં આજ બાબતે બોલાવેલ મીટીંગમાં હાજરી આપેલ. જેમાં આપના વિસ્તારના પોલીસ અધિકારીઓ, આર.ટી.ઓ. અધિકારીઓ, નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ, ટોલબુથના અધિકારીઓ અને અમારા પદાધિકારીઓના પ્રતિનિધિઓએ પણ હાજરી આપેલ અને મંતવ્યોની રજુઆત કરેલ.**

**હમણાં છેલ્લા ૧૫-૨૦ દિવસથી આ બાબતે વાપીથી લઈ નવસારી સુધીમાં જુદા જુદા પોલીસ સ્ટેશનોના તાબાના વિસ્તારોમાં ઘણાબધા નાનાથી માંડી મોટા પ્રકારના માલવાહક વાહનો ઉપર હાઈવેની પહેલી ટ્રેકમાં આવવા/ચલાવવા બદલ વાહનો રોકી IPC 279 હેઠળ કેસ કરી વાહનોને ડીટેઈન કરી ડ્રાઈવરોને ઘરપકડ કરી પોલીસ સ્ટેશને લઈ જઈ કોર્ટમાં હાજર કરી જામીન લઈ છોડવાની પ્રક્રિયા થઈ અને તેમાં ખાસ કરીને આખા દેશમાંથી આવતા પરપ્રાંતના વાહનોને પડેલ તકલીફથી ખુબ જ ઉહાપો થયેલ અને અમોને આપણાં પડોશી રાજ્યો જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ દિલ્હીથી ટ્રાન્સપોર્ટરોની રાષ્ટ્રીય એસોસીએશનમાંથી રજુઆત મળતા અમોએ આપને મળીને કરેલ રજુઆતોના મુદ્દાઓ નીચે પ્રમાણે છે.**

**અમોએ રજુઆત કર્યા પ્રમાણે ખાસ કરીને પરપ્રાંતના વાહનો ડિટેઈન કરવામાં આવે છે અને IPC 279 પ્રમાણે કાર્યવાહી કરતા વાહન ઓછામાં ઓછું ૨ દિવસ માટે વહન કરતું અટકે છે. તેમાંય ખાસ કરીને સરકારી રજા કે બીજો-ચોથો શનિવાર અને રવિવારના આગલા દિવસે પકડાયેલ ગાડીઓને ચાર-પાંચ દિવસ માટે રોકાવું પડે છે. આ ઉપરાંત IPC 279 હેઠળ ડ્રાઈવરને હાજર કરી જામીન લેવા પડે છે, પણ પરપ્રાંતના વાહનો જે ભીલાડ, વાપી, ડુંગરી, ચીખલી, ગણદેવી, નવસારી કે વેજલપોર જેવી જગ્યાએ કોર્ટમાં માન્ય હોઈ શકે તેવા જામીનદારો ક્યાંથી મેળવે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થાય છે, કારણ**

"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



કે જામીન અર્થે સ્થાનિક મિલ્કતના વેરાની પાવતી, આધાર કાર્ડ અને ફોટાની જરૂરત રહે છે. જે આ વિસ્તારમાંથી પસાર થતા બહારના વાહનચાલકો/માલિકો માટે અશક્ય છે.

આ બાબતે અમારા વાપી-વલસાડના પ્રતિનિધિઓએ કરેલ રજુઆત પ્રમાણે જે-તે સ્થળે અમુક માણસો/વચેટીયાઓ માટે જામીન થવા માટેનો એક વેપાર થઈ પડયો છે અને આ અર્થે વાહનચાલકોને રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધીનો ખર્ચ ભોગવવો પડે છે.

આપને વધુમાં જણાવ્યા પ્રમાણે આપ જાણો છો તેમ છેલ્લા છ મહિનાથી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ખુબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે અને બજારમાં ચારે બાજુ આર્થિકમંદી વચ્ચે ગમે તેમ કરી આ વાહનચાલકો વેપાર-ઉદ્યોગની જે કોઈ જરૂરિયાત છે તે પેટે પાટો બાંધીને પુરી પાડે છે અને તેવા સમયે આવી પરિસ્થિતિમાં ૨ થી ૪ દિવસ રોકાવવુ અને ઉપરથી રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધીનો ખર્ચો તે આવા ગાડીવાળાઓ માટે ખુબ જ અસહ્ય અને અશક્ય છે.

આની સાથેસાથે અમે આપને એ પણ રજુઆત કરેલ કે ઘણાબધા વાહનો જીવન જરૂરીયાતની વસ્તુ, લાઈફ સેવિંગ દવાઓ અને સમયસર પહોંચાડવાના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના કન્સાઈન્મેન્ટનું વહન કરતાં હોય છે તેવા વાહનો રોકાઈ જતાં વેપાર-ઉદ્યોગને પણ ખુબ જ નુકશાન થાય છે અને પેરીસેબલ વસ્તુઓ કે રેફ્રીજરેટેડ માલસામાન વગેરે બગડી/ઓગળી જવાની ખુબ ભીતી રહે છે. આ ઉપરાંત ઘણીબધી ગાડીઓમાં ખુબ જ કિંમતી કન્સાઈન્મેન્ટ વહન થતા હોય છે અને હાઈવે ઉપર આવા વાહનો વાહન ચાલક વગર રેઢા પડયા રહે છે અને વાહનચાલકને પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખવામાં આવે છે અને ત્યારબાદ જે-તે સમયે કાર્યવાહી કરી છોડવામાં આવતા હાઈવે ઉપર પડેલ ગાડી અને માલની સલામતીનો મોટો પ્રશ્ન ઉભો થાય છે. આ ઉપરાંત આપ જાણો છો તેમ વાપીથી લઈ અંકલેશ્વર સુધીમાં ઘણાબધા જોખમી કેમીકલ્સ અને એસીડના પ્લાન્ટ આવેલા છે અને આવો માલ વહન કરતા વાહનો રોકાય કે હાઈવે ઉપર પડી રહે તે ખુબ જ જોખમી છે.

આ ઉપરાંત વધુમાં આપની સાથે ચર્ચા કરેલ તે પ્રમાણે ઘણાબધા વાહનો કે જેઓ આગળ જતા ધીમા વાહનોથી ઓવરટેક કરવા ફસ્ટલેનમાં જતાં તેમને પણ રોકવામાં આવે છે કે નેશનલ હાઈવે ઓથોરીટી સાથે વાત કરતા જાણેલ કે આ કોઈ ગેરકાયદાકીય નથી, પણ આવા સંજોગોમાં ઘણાબધા વાહનો ઉપરોક્ત જણાવેલ કલમ હેઠળ દંડાય છે. ઘણીવખત હાઈવે ઉપર જતા ઘણાબધા વાહનોને જયારે જમણી બાજુ તરફના સ્થળે પહોંચવા માટે જમણીબાજુ ટર્ન મારતી વખતે આ લેનમાં આવું પડે છે અને તે પણ જરૂરીયાત પ્રમાણેનું હોઈ અને ગેરકાયદાકીય ના હોઈ છતાં પણ તેઓ ઉપરોક્ત જણાવેલ એન્ફોર્સમેન્ટનો શીકાર બને છે.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ००૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



આ ઉપરાંત અમોએ જણાવેલ તે પ્રમાણે છેલ્લા ત્રણ મહિનામાં ભારે વરસાદને હિસાબે હાઈવે ઉપરની ઘણીબધી જગ્યાએ રસ્તાઓને નુકશાન થયેલ છે. તેમજ કીમ-કામરેજ અને ઉદવાડા પાસે ફલાયઓવરનું કામ ચાલું હોવાને કારણે ડાયવર્ઝનમાંથી પસાર થતાં નેશનલ હાઈવે ૮ ઉપરના નોર્થ-સાઉથ કોરીડોરના ખુબ જ ઘનિષ્ઠ ટ્રાફીકને ટ્રાફીકજામનો મોટો પ્રશ્ન નડી રહ્યો છે અને તેવા વખતે મુવમેન્ટ અર્થે ટ્રેક ચેન્જ કરવી પડે છે અને આ પરિસ્થિતિને લીધે આવતા વિસ્તારોમાં ગાડી રોકાતા વાહનચાલકનું કંઈપણ સાંભળવામાં આવતું નથી અને છુટવા માટે ઘણીબધી બીજી ગેરરીતિઓનો આશરો લેવો પડે છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે અમારી સંસ્થાના, આપને બતાવેલ પરિપત્ર પ્રમાણે **તા.૦૮-૦૫-૨૦૧૯**ના રોજ અમોએ ગુજરાત રાજયના દરેક એસોસીએશનોને **"લેન ડિસ્પ્લીન"**ની જાણકારી દરેક વાહનચાલકને આપવા અનુરોધ કરેલ છે અને તે ઉપરાંત સંસ્થાકીય રીતે આપની સાથે કરેલ ચર્ચા પ્રમાણે વધુ જાણકારી માટે આપના સુચન પ્રમાણે જાણકારી અર્થે પ્રવૃત્તિ કરવા કટીબધ્ધ છીએ. આ અન્વયે આપની સાથે થયેલ ચર્ચા મુજબ અમો સુરત, નવસારી, વલસાડ, વાપી અને ભીલાડ ખાતે પસાર થતાં વાહનોમાં લેનની જાણકારી આપતા સ્ટીકરને વાહનની કેબીનમાં ડ્રાઈવર બાજુ ચિત્ર નિર્દેશ સાથે લગાડવાનો કેમ્પનું વિચારીએ છીએ જેથી વાહનચાલકને દરેક સમયે આ બાબતનું ધ્યાન રહે અને આપણને હાઈવે ઉપર **"ડ્રાઈવીંગ ડીસ્પ્લીન"**નું સારૂં પરીણામ મળે.

આ ઉપરાંત અમોએ ખાસ જણાવેલ કે બધા પ્રયત્નો છતા જો કોઈ ગાડી ફસ્ટલેનમાં ધીમી ગતીએ સળંગ ચાલતા પકડાય તો IPC 279ના બદલે **"સ્પોટદંડ"**ની કાર્યવાહી થાય તો આ બાબતની ઝુંબેશ પણ ચાલુ રહે અને ખરેખર વાહનચાલકોને પડતી હાલાકીઓ દુર થાય. દેશભરમાંથી આવેલ ઉપરોકત જણાવેલ ઘણીબધી રજુઆતો વ્યવહારીક છે અને અમો આપની પાસેથી આ બાબતની પરિસ્થિતિના નિરાકરણની અપેક્ષા રાખીએ છીએ. તો તે અંગે યોગ્ય કરવા વિનંતી.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)